Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2009
Valid Up to Dt. 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. L ] TUESDAY, 25th AUGUST, 2009 / BHADRAPAD 03, 1931 [ No. 39**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૨૦ (નાનાવરાછા-કપાદ્રા) (પ્રથમ ફેરફાર)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસુચન

નં. ટીપીડી/૨૫૪૪-૨૦૦૯.-આથી જાહેર કરવામાં આવે છે કે, નગર રચના યોજના, સુરત નં.૨૦ (નાનાવરાછા-કપાદ્રા) (પ્રથમ ફેરફાર)નો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૦૪/૨૦૦૮, તા. ૩૧-૦૧-૦૮ના અનુક્રમ નં. (૨) થી ઠરાવ્યા મુજબ ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાનાવરાછા-કપાદ્રા)માં નહેર ઉપર મુકવામાં આવેલ ૩૦.૦૦ મી. ના રસ્તાને સીધી લીટીમાં રીએલાઈન કરવા ફા. પ્લોટ નં. ૫૦, ૫૧, ૭૭, ૫૩, ૫૫, ૫૨, ૫૪ વિગેરેને રી-કોન્સ્ટીટ્યુટ કરવા થી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૭૧ હેઠળ વેરીએશન કરવા તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૯.

(સહી) આચાર્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના તા. ૦૭-૦૮-૦૯ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુનિ. કમિશનરશ્રીના તા. ૩૧-૭-૦૯ના પત્ર નં. સીમીસ/૮/૯ થી વિદિત થઈ ટી.પી સ્કીમ નં. ૨૦ (નાનાવરાછા-કપાદ્રા) આખરીમાં નહેર ઉપર મૂકવામાં આવેલ રસ્તાને સીધી લીટીમાં રીએલાઈન કરવા ફા. પ્લોટ નં. ૫૦, ૫૧, ૭૭, ૫૩, ૫૫, ૫૨. ૫૪ વિગેરેને રીકોન્સ્ટીટ્યુટ કરવા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ-૭૧ હેઠળ વેરીએશન કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દો પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાનું તથા દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુનિ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૨૪/૨૦૦૯ સર્વાનુમતે મંજૂર.**

---

**સુરત મહાનગરપાલિકા**

**સુરત શહેર, મોજે : ડુમસ-વાંટા-ગવિયર વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવા બાબત.**

## અધિસુચના

નં. ટીપીડી-ના-૨૫૬૪-૨૦૦૯.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ, થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૯/૨૦૦૯, તા. ૦૭-૦૮-૦૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૬માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડુમસ-વાંટા-ગવિયર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧ માહે જુન, સને ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૭-૦૮-૦૯નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુનિ. કમિશ્નરશ્રીના તા. ૧૫-૬-૦૯ના પત્ર નં. સીમીસ/૮/૫ થી વિદિત થઈ, ફાઈલના પાના નં. ૮૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૮/૨૦૦૯ સર્વાનુમતે મંજૂર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.